Screen News paper,/ Date: March 20-01,2008

સુપ્રભાત ગુજરાત
સંદેશ

CITY
DAY લાઇફ
સંદેશ

'તારે જમીન પર'
ફિલ્મમાં ક્લે
એનિમેશન

પેજ ... ૪ ...



SUNDAY 20 JANUARY 2008 e-mail : citylife@sandesh.com



# 'તારે જમીન પર' ફિલ્મમાં ક્લે એનિમેશન



આમિર ખાનની ફિલ્મ 'તારે જમીન પર'માં ક્લે એનિમેશનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, ક્લે એનિમેશનનો ઉપયોગ હોલીવૂડમાં તો થતો હતો પરંતુ બોલીવૂડમાં સૌપ્રથમ વાર એન્ટ્રી 'તારે જમીન પર' ફિલ્મ દ્વારા થઇ છે અને આ અનોખી ટેકનિક અમદાવાદના ધિમંત લઇ આવ્યા છે. ધિમંતે એન.આઇ.ડી.માં એનિમેશન ડિઝાઇનિંગનો કોર્સ કર્યો હતો.

> 'છેલ્લાં પાંચ વર્ષથી બાળકો માટે બનતી ફિલ્મો જેવી કે ગણેશ, હનુમાનમાં એનિમેશનનો ઉપયોગ ઘણો જ અસરકારક નિવડયો છે.'

એનિમેશનમાં નિર્જીવ વસ્તુઓ પાસે કલ્પના મુજબ ગમે તે કરાવી શકાય છે, જે સામાન્ય કેમેરામાં શક્ય નથી. તે બધું જ એનિમેશનમાં દર્શાવી શકાય છે. તેથી બાળકો માટેની આ ફિલ્મમાં ક્લે એનિમેશનનો એક નવો જ કોન્સેપ્ટ અપનાવવામાં આવ્યો હતો અને તે ઘણો સફળ રહ્યો છે. આ અંગે ધિમંત વ્યાસે જણાવ્યું હતું,'' હું છેલ્લાં ૧૨ વર્ષથી એનિમેશન બનાવું છું અને ફિલ્મ લગાન વખતે મેં આમિરનું કેરીકેચર બનાવી ઓફસેટ પ્રિન્ટ કઢાવી ગિફ્ટ આપી હતી, ત્યારથી મારો તેમની સાથે સંપર્ક થયો હતો . હું એનિમેશનનું કામ કરું છું. તે આમિર બરોબર જાણતો હતો એટલે આમિરે તારે જમીન પર ફિલ્મ માટે એનિમેશન બનાવવા એક જાણીતી કંપનીને આઠ મહિના પહેલાં કોન્ટ્રેકટ આપ્યો હતો પરંતુ આમિરને તેમનું કામ યોગ્ય ન લાગતા તેમણે મને ફિલ્મ રિલીઝ થવાના બે મહિના પહેલાં કહ્યું કે તમારે એનિમેશન કરવાનું છે. આમિર ખાનને ક્લે એનિમેશનનો આઇડિયા મેં આપ્યો હતો અને તેમાં મેં મારી સૂઝ મુજબ નવીનતા ઉમેરીને આ એનિમેશન બનાવ્યું હતું, એનિમેશન બનાવવા માટે મેં સતત બે મહિના રાત દિવસ મહેનત કરી હતી.''

એનિમેશનમાં ટુ-ડી એનિમેશન, કોમ્પ્યુટર જનરેટેડ થ્રી ડી એનિમેશન, ક્લે એનિમેશન( સ્ટોપ મોશન), કટ આઉટ એનિમેશન જેવી જુદી જુદી ટેકનિકો છે. છેલ્લાં પાંચ વર્ષથી બાળકો માટે બનતી ફિલ્મો જેવી કે ગણેશ, હનુમાનમાં એનિમેશનનો ઉપયોગ ઘણો જ અસરકારક નિવડયો છે. આ સિવાય પણ જંગલબુક, રાટા ટુઇ જેવી પણ ફિલ્મો બની છે. વ્યાસે વધુમાં જણાવ્યું હતું,'' અમદાવાદમાં એનિમેશન અવેરનેસ જરૂરી છે, અન્ય શહેરોમાંથી પણ આ ક્ષેત્રે લોકો ઝંપલાવી રહ્યા છે.

> ફિલ્મમાં પ્રથમ વખત ક્લે એનિમેશન અમદાવાદના ધિમંત વ્યાસે બનાવ્યું



અમદાવાદમાં હવે ઘણી સારી ઇન્સ્ટિટ્યૂટ પણ ખુલી છે તેથી લોકોને આ ક્ષેત્રે કારકિર્દીની ઉજળી તકો છે.

મયુર જોષી